બાળવિજ્ઞાન પ્રસ્તુત

# દાદા ભગવાન

## ભાગ-૩



# પ્રસ્તાવના

'દાદા ભગવાન' વર્તમાન યુગના અજોડ આત્મજ્ઞાની પુરુષ હતા. એમને બાળપણથી જ આત્માને ઓળખવાની, પરમ તત્ત્વને પ્રાપ્ત કરવાની લગની હતી . રોજિંદા જીવનમાં બનતા દરેક પ્રસંગનું તેઓ વૈજ્ઞાનિક રીતે પૃથ્થકરણ કરતા, તેથી પાછળની ભ્રામક, લૌકિક માન્યતાઓથી દૂર રહી સાચી સમજણ અપનાવતા. તાર્કિક પ્રશ્નાવલીઓ દ્વારા ચિંતવન કરીને જગતની પઝલ સોલ્વ કરવાનો અદભુત અભિગમ એમણે અપનાવ્યો હતો. એમના ગૃહસ્થ જીવનના તેમ જ ધંધાકીય જીવનના કેટલાય પ્રેરણાદાયી પ્રસંગો તેમના આવા 'સંશોધક' હૃદયને વાચા આપે છે.

સૌ કોઇને માટે દાદા ભગવાનની વાતો જીવન જીવવાની કફ્ળા શીખવા માટે ખૂબ સુંદર દિશાસૂચન કરશે તેમ જ જીવનનું ધ્યેય સમજવાની પ્રેરણા આપશે, એમના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોનો હૃદય સ્પર્શી પરિચય આ પુસ્તિકા કરાવે છે.

દાદા ભગવાન ના જીવન પ્રસંગોને એમના જ શ્રીમુખે નીકળેલી વાણીમાંથી તેજ રૂપે ચિત્રાંકિત કરવાનો પ્રયત્ન કર્યા છે. આપને આ પુસ્તિકામાં ચિત્ર કે લખાણમાં કઇ પણ ત્રુટિ લાગે તો તે સંકલનકર્તાની છે. આવી કંઇ પણ ક્ષતિ રહી ગઇ હોય તો તે માટે અમો આપના ક્ષમાપ્રાર્થી છીએ.

- જય સચ્ચિદાનંદ


પ્રકાશક :
શ્રી અજીત સી. પટેલ
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ.
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

મુદ્રક :
મહાવિદેહ ફાઉન્ડેશન
પાર્શ્વનાથ ચેમ્બર્સ ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઇન્કમટેક્ષ, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪

પ્રાપ્તિ સ્થાન :
ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઇવે, અડાલજ,
જીલ્લો : ગાંધીનગર - ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૦૩૪
email : balvignan@dadabhagwan.org
website : www. dadabhagwan.org
kids.dadabhagwan.org


પ્રથમ આવૃતિ : ૫,૦૦૦ કોપી નવેમ્બર ૨૦૧૧


મૂલ્ય : ભારત રૂા. ૪૦




© : All Rights Reserved - Mahavideh Foundation
Address as above


'દાદા ભગવાન'ના નામે જાણીતા થયેલા અંબાલાલ મૂળજીભાઈ પટેલ ૧૯૨૮ની સાલમાં વીસ વર્ષની ઉંમરે પહેલીવહેલી વાર મુંબઈ શહેરની મુલાકાતે ગયેલા. એ વખતે મુંબઈ જવું એ તો પરદેશ ગયા હોય એટલું મહત્વનું લાગતું હતું.




એક દિવસ અંબાલાલભાઇ મિત્રને લઈને તાજમહેલ હોટલ પર પહોંચ્યા.
ચાલો, આજે તો મુંબઈની આ પ્રખ્યાત તાજમહેલ હોટલની ચા પીએ. મોટા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ કેવી ચા પીતા હશે તે આપણે પણ ચાખીએ.
હં.. આવી ચા, ઠીક છે.
ઓહોહો ! એક કપ ચા ના બાર આના લગાડ્યા ! આવી ચા તો આપણને ના પોસાય બા ! એના કરતા એક આનાની ઈરાનીની ચા વળી શું ખોટી ?
દરેક વસ્તુને અનુભવીને અંબાલાલભાઇ એમાંથી તારણ કાઢી લેતા.


અંબાલાલભાઈ વડોદરામાં જોગીદાસ શેઠની પોળમાં રહેતા હતા. જોગીદાસ શેઠની પોળ એટલે પટેલોની પોળ. તેઓ મુંબઈ જતા ત્યારે, ત્યાંનો પ્રખ્યાત હલવો અથવા હાફૂસ કેરી લઈ આવતા.
આ વખતે તો જુઓ, ખાસ્સો મજાનો હલવો હું મુંબઈથી લઈ આવ્યો છું.
અંબાલાલભાઈના ભાભી પાડોસના ઘરોમાં મીઠાઈ આપવા નીકળે છે.
અમારા અંબાલાલભાઈ મુંબઈ ગયા હતા ત્યાંથી ત્યાંનો પ્રખ્યાત હલવો લઈને આવ્યા છે.
ઓહો અંબાલાલભાઈ ! તમે મુંબઈ જઈને આવ્યા ?!
તમને એની કેવી રીતે ખબર પડી ?
તમે અમારા માટે ત્યાંનો હલવો મોકલાવ્યો હતો ને ?


અંબાલાલભાઈને કામ અંગે વારંવાર મુંબઈ જવાનું થવા લાગ્યું.
આ ફેરે મુંબઈમાં ખૂબ કામ હતું, તેથી હલવો કે કેરી કશું લાવી શક્યો નથી.
હંઅ.. અંબાલાલભાઈ આ વખતે કશું લાવ્યા નથી?
તમે શાની વાત કરો છો ?
તમે મુંબઈ જઈ આવ્યા ને ? તે આ ફેરો હલવો-બલવો કે કેરી બાંધી ના લાવ્યા ?
ઓત્તારી ! આ તો જબરી માથાફોડ ઊભી થઈ ! એક ફેરો વસ્તુ લાવીને બધાને વહેંચી, ત્યારે જ આ ઉપાધિ ઊભી થઈને ? પહેલા તો આવી પીડા નહોતી ! 'આ કેમ ના લાવ્યા ?' એવી અપમાન ભરેલી વાણી સાંભળવી નહોતી પડતી.
એટલે હવેથી વસ્તુ લાવવાનું સદંતર બંધ જ કરી દેવાનું ! ફ્રી ઑફ કોસ્ટ મળતું હોય તો પણ નહીં. પછી કોઈના મનમાં અપેક્ષાઓની બૂમાબૂમ ઊભી જ ના થાય ને !
એટલે પોતે પટેલ હતા છતાં એમને પટેલો સાથેનો આવો વ્યવહાર પોષાતો નહોતો. પટેલો તો ક્ષત્રિયના લક્ષણવાળા ગણાય. કોઈપણ પ્રસંગ કે મુશ્કેલીમાં સામસામે માથું આપવા અને લેવાની સોદાબાજીમાં આવી જાય.
મને તો માથું આપવા લેવાની વાત ના ફાવે. એ, એનું માથું આપે તો મારે જોઈતું નથી. અને મને મારું આપવું નથી. મારે તો મારા આત્માનું કામ કાઢી લેવું છે. તે આવી સોદાબાજીમાં પડવાની બિલકુલ ઈચ્છા નથી.
વળી અંબાલાલભાઈને વણિકોના ડહાપણ પ્રત્યે માન ઉદ્‌ભવેલું અને વણિક કોમ આપવા લેવાની કડાકૂટોમાં પડતી નથી. મુશ્કેલીના સમયે ડહાપણવાળું માર્ગદર્શન આપતી વણિક કોમ વચ્ચે રહેવાનું નક્કી કર્યું. અને વડોદરામાં મામાની પોળમાં રહેવા ગયા.




**અંબાલાલભાઇ ઉદાર (નોબલ) મનના હતા.નાના, અન્ડરહેન્ડ માણસો પ્રત્યે વધારે લાગણી અને પ્રેમ રાખતા. નાના માણસની વાત પણ સાંભળતા અને એને સહાયરૂપ થતા.**

*ઓલિયા - ખુદાનો ભક્ત

એમ તો હિસાબમાં પાકા હતા અંબાલાલભાઇ, કોઈવાર મુસાફરી માટે બસમાં જવાનું આવે તો ટિકિટ કઢાવ્યા પછી કન્ડક્ટર પાસેથી વધારાના પૈસા બરાબર ગણીને પાછા લઈ લેતા.



કન્ડક્ટરને વધારાના પૈસા પોતાના ગજવામાં ઘાલી દેવાની ટેવ પોતાના નિમિત્તે ના પડવી જોઈએ. એની તેઓ ખાસ કાળજી રાખતા.


અંબાલાલભાઈને ટેવ એવી હતી કે ઓળખાણવાળા કે સગા એ બધાને બસમાં જુએ એટલે એમનાથી ના રહેવાય.




આમ અંબાલાલભાઈ પરોપકારી સ્વભાવવાળા હતા. હંમેશા બીજાને કેમ કરીને મદદરૂપ થવાય તેની જ પડેલી.


કેમ આજે તારું મોઢું ઉતરી ગયેલું દેખાય છે ?
ઘરમાં બિમારી છે અને પૈસાની ખૂબ તંગી છે. સમજાતું નથી કે આ સંજોગને હું કેમનો પહોંચી વળીશ ?
અંદરના રૂમમાંથી પૈસા કાઢતા......
કોઈને મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાનો આવે અને ઢીલા થયેલા દેખાય એ મારાથી નથી ખમાતું.
લે ભાઈ, તારી આપત્તિમાં તને આ કામ લાગશે ને ?
અંબાલાલભાઈને કોઈ જાતનો લોભ નહોતો. કોઈ વસ્તુ જોઈએ જ નહીંને ! એટલે પોતાની પાસે હોય, તે બધું જ કોઈપણ વ્યક્તિ આમ ઢીલી થયેલી દેખાય કે તરત જ આપી દે. એમના પત્ની હીરાબા ખૂબ ભદ્રિક અને સરળ હતા.દિલના ચોખ્ખા અને ચોખ્ખું બોલી દેનારા.
તમે તો સાવ ભોળા છો. તમને તો પૈસા અપાય જ નહીં.
સાચે જ મને ના આપશો. કારણ કે જો મારી પાસે પાંચ લાખ રૂપિયા પણ આવે ને અને કોઈને આવી મુશ્કેલીમાં જોઉં, તો હું એને આપી દઉં. મારી પાસે કશું રાખું નહીં.
આમ તેમનાથી બીજાનું દુ:ખ સહન થતું નહીં. પરગજુ સ્વભાવને કારણે પોતાનું બીજાને આપી દેતા



અંબાલાલભાઈને ઘડિયાળને ચાવી મારવાનો કંટાળો આવતો'તો. તે મારે નહીં. તે એકવાર એના ભાગીદારે એક ઘડિયાળ લાવી આપ્યું.
આ ખાસ પ્રકારનું ઘડિયાળ તમારા માટે લઈ આવ્યો છું. આમાં એકવાર ચાવી આપ્યા પછી ઘડિયાળ સાત દિવસ સુધી ચાલ્યા કરશે.
ઓહો, આ તો બહુ સરસ ઘડિયાળ લઈ આવ્યા છો ને ! અને એની ડિઝાઈન અને દેખાવ પણ ફક્કડ છે.
અરે અંબાલાલભાઈ, આવું સરસ ઘડિયાળ ક્યાંથી લઈ આવ્યા ?
એ તો ભાગીદાર આપી ગયા છે. એ એટલું સ્પેશ્યલ છે કે એને અઠવાડિયામાં એક જ વાર ચાવી આપવી પડે.
એમ વાત છે ? ત્યારે તો બહુ સારી જાતનું, સગવડવાળું ઘડિયાળ કહેવાય ! આવું સ્પેશ્યલ ઘડિયાળ તો કોઈ નસીબદારને જ મળે !
અરે, આ ઘડિયાળની સામે શું જો જો કર્યા કરો છો ? શું વિચારો છો? તે તો કહો ?
સાચે જ આવું ઘડિયાળ મારી પાસે હોયને તો મજા આવી જાય.
તો તો પછી તું તારે ઘેર આ ઘડિયાળ લઈ જા. આજથી આ ઘડિયાળ તારું.
બીજાને આપવામાં એમને વધુ આનંદ આવતો પોતાની ગમતી વસ્તુ પણ બીજાને આપી દેતા.


શું સાચે જ તમે મને આપી દેશો ?
ઓહોહો ! મારા કેવા ધનભાગ્ય !
તમે તો ભોળા છો. બધાને આપી દો છો. હવે હું ઘડિયાળ વગર સમય કઈ રીતે જોઈશ ?
એમની વાતે ખરી છે. કારણ કે હું કોઈક આવે ને એ સાચો દુઃખી છે કે ખોટો દુઃખી છે એ જોયા સિવાય એ બોલે, એટલે તરત આપી દઉં છું. મારાથી આવી ભૂલ થયા કરે ને સામાને ખોટું પ્રોત્સાહન મળી જાય.
લ્યો ત્યારે, આજથી આ ચાવીઓ તમે રાખો.
ઘરમાં આ અંગે હીરાબા સાથે વાતચીતમાં સમજાયેલું કે આ તો બીજાને મદદ કરવા જતાં ઘરનાને દુઃખ થાય છે માટે **વ્યવહારમાં નોર્માલીટી રાખવી જોઇએ** પછી ઘરનો વહીવટ હીરાબા ને સોંપી દીધેલો.


કોન્ટ્રાક્ટર તરીકે દરિયામાં બંદર ઉપરની જેટીઓ બાંધવાના તેમ જ બ્રિજ બાંધવાના મોટા કામો માથે લેતા. તેમની પાસે આ કામ અંગેની ટેકનિકલ સૂઝ અનોખી હતી. જેટી કે બ્રિજ બાંધવાના હોય ત્યારે તેઓ હોડીમાં બેસીને સાઈટ પર 'સર્વે' કરવા નીકળી પડતા.



ઓળંબો વાપરીને તેની મદદથી બાંધકામની વિગતો નક્કી કરતા. કઈ બાજુથી, કઈ રીતે બાંધકામ ચાલુ કરવું તે નકશા વગર ગજબની સૂઝથી તેમને દૃષ્ટિમાં આવતું.



વળી તે કામ માટે કેટલી સિમેન્ટ અને કેટલું લોખંડ વપરાશે, કેટલા મજૂરોની જરૂર પડશે અને બાંધકામ પૂરું કરવા માટે કેટલો ટાઈમ લાગશે તે બધી વિગતોની ગણતરી પેપર - પેન્સિલ પકડ્યા વિના કે કેલક્યુલેટર પર ગણતરી કર્યા વિના આબાદ રીતે કહી શકતા.




આ બધી ઝીણવટભરી વિગત નક્કી કર્યા પછી તેઓ ગવર્મેન્ટનું ટેન્ડર ભરતા અને હંમેશાં તેમનું કોટેશન સસ્તું સાબિત થવાથી તેમને કોન્ટ્રાક્ટ મળી જતા.




**આમ વ્યવહારની બાબતમાં પણ એવી જ કુશળતા હતી. જેને વ્યવહારકળા - બોધકળા આવડે, તે વ્યક્તિ જિંદગીમાં ક્યારેય ક્યાંય પાછો ન પડે.**

તેમના ભાગીદાર શ્રી કાન્તિભાઈનો સ્વભાવ એમને માફક આવે એવો હતો. બન્ને જણા સ્વતંત્ર મગજના હતા. લોકોની જોડે બહુ ટચ નહીં. લોકો તેમને જુદા જ ગણતા. કોઈ અહંકારીમાં ખપાવે, પરંતુ એવા અહંકારી નહીં પણ સ્વતંત્ર મગજ હતું એ બન્ને જણનું.



સામાન્ય લોકોની વાતો કેવી હોય ? 'તમે અત્યારે હવે શું કરવાના ? ક્યાં જવાના ?' 'તમારા ફોઈબા હજુ કેમ નથી આવ્યા ?' 'તમારું કામ કેમ ચાલે છે?' વિગેરે.. પરંતુ આવી વગર કામની વાતો કરવાનું અંબાલાલભાઈને ગમે નહીં. લોકો ધંધામાંથી નવરા પડે ત્યારે આવા ટોળટપ્પા કરવામાં સમય પસાર કરનારા હોય. પરંતુ અંબાલાલભાઈને એવું ફાવતું નહીં. એટલે તેઓ તો ધંધાના સમય પછીના વખતમાં ભાગીદાર સાથે રોજ સત્સંગ કરવામાં સમય વીતાવતા. અંબાલાલભાઈના માતુશ્રી ઝવેરબાએ પણ કાન્તિભાઈને પોતાના છોકરાની જેમ જ રાખેલા. તેથી તેઓ ભાઈઓ જેવો જ સંબંધ રાખતા. કોઈ જુદાઈ ગણેલી નહીં.




અંબાલાલભાઈનો ધંધા સંબંધી વહીવટ ખૂબ સુંદર હતો. ઓર્ગેનાઈઝર તરીકે પાંચ અબજનો ધંધો કરવો હોય તો કરી આપે. રૂપરેખા, દર્શન બધું ટૉપ. અંબાલાલભાઈએ સુખની દુકાન ખુલ્લી મૂકવાનો નિર્ણય કરેલોને ! અને નગીનભાઈ નામના મિત્ર ધંધા અંગે મળવા આવ્યા.
શું થયું નગીનભાઈ ?
આ ઈન્કમટેક્ષની નોટીસ આવી છે.
પોતાની સૂઝ બૂઝના આધારે છૂટવાના રસ્તા બતાડી એમાંથી છોડાવ્યા.
અરે અંબાલાલભાઈ, તમે આ મામાની પોળમાં સાવ સામાન્ય ઘરમાં રહો છો, તે મને ઠીક નથી લાગતું.
કેમ ? એનાથી હું તને હલકો લાગતો હોઈશ, નહીં ?
મારી સાથે ભાગીદારીમાં આવી જાઓ. પછી જુઓ તો ખરા, બાર મહિને લાખ રૂપિયાની કમાણી ઊભી કરાવી દઉં. ગાડી પણ તમને મળશે. પછી જો તમને એક લાખ કરતા ઓછા મળે તો મારે તમને પૂરા કરી આપવાના. અને એનાથી વધારે મળે તો બધા તમારા ! પછી જુઓ તમારી મજા કેવી વધી જાય છે તે !
તમારી જોડે લાખ લઈને મારી શી દશા થાય? તમે તો પાછા રડતા આવો. રડવાની ટેવ વાળા છો અને હું પાછો રડવાની ટેવ વાળો થઈ જાઉં. અમારા ભાગીદારની સાથે અમે ભક્તિ કરીએ છીએ આખો દહાડો. અમારા આવા ભાગીદાર છોડીને હું ક્યાં પાછો તારી જોડે ભાંજગડમાં પડું? નહીં તો તમારો પાસ * મને પેસી જાય.
ના ભઈ, મારે વધારે પૈસા કશું જોઈતું નથી. અમારા ભાગીદાર જોડે દસ-પંદર હજાર મળી રહે છે તેટલું બહુ થઈ ગયું. વધારે નાણાંની મને કાંઈ પડી નથી.
અને અહીં મને રહેવા દો. તમારા માટે રડવાની જગ્યા રહેવા દો. આ તો અડચણ આવે ત્યારે સંતાઈ જવાની જગ્યા જોઈએ કે ના જોઈએ ?
હા.
આના કરતાં મારા ભાગીદાર શું ખોટા ? તે એ કહે કે બધું કામકાજ હું કરી લઈશ. તમારે તો બે-ત્રણ મહિને સલાહ આપવા આવવું. બાકીનો સમય તમે બધું આધ્યાત્મિક વાંચન કરીને આત્માને ખોળી કાઢો. તે મને ફાવે.
આમ તેઓ કાયાકાનના થઇને બીજાની લોભામણી વાતમાં ક્યારેય નહોતા આવતા.

* પાસ - અસર



આજે તો નગીનભાઈ આવ્યા'તા તે તો બંગલામાં રહેવા જવાની વાતો કરતા'તા તો તમને ત્યાં ફાવશે ?
ના બાપ, આટલા બધા ઓરડાની* શી જરૂર છે ? વગર કામનો ખર્ચો વધારવો અને નર્યો પૂંજો** મારે વાળ વાળ કરવો પડે. અને નોકર-ચોકર રાખવાનું મને ગમતું નથી.
કેવા મોટા મનના છે !
અંબાલાલભાઈ અને હીરાબા બેઉનો મત એક જ જાતનો, પોતા માટે કરકસરિયા અને બહાર બીજા બધાને મદદ આપનારા.
એક વખત અંબાલાલભાઈના ભાગીદારના ભાઈનો છોકરો મનુભાઈ મુશ્કેલીમાં મૂકાઈ ગયેલો. એનું કામકાજ જતું રહ્યું અને એ સાવ બેકાર થઈ ગયેલો.
અંબાલાલકાકા સાવ બેકારી આવી ગઈ છે. મારું કંઈક કરી આપશો તો તમારો ઉપકાર ક્યારેય નહીં ભૂલું.
ત્યારે કાલથી મારા કામમાં મદદ કરવા આવી જજે.
અંબાલાલભાઈ પોતાના કારોબારમાંથી થોડું નાનું-મોટું કામકાજ મનુભાઈને સોંપવા લાગ્યા અને એ રીતે જુદા જુદા કામોમાં એમને ઘડતા ગયા તૈયાર કરતા ગયા. બદલામાં પોતાની આવકના દસ-પંદર ટકા મનુભાઈને આપવા લાગ્યા.
નગીનભાઈએ અંબાલાલભાઈને પોતાના ભાગીદાર બનાવવા માટે એક લાખની ઑફર આપેલી એ ઑફરમાં મનુભાઈ માટે સુંદર તક ઊભી થતી દેખાઈ.
આ મિત્રને મેં તો ભાગીદાર બનવાનું નહીં પોસાય એમ ના તો પાડી દીધી છે, પરંતુ એના ધંધામાં બીજું કોઈ પેસી જાય એના કરતાં મનુભાઈ શું ખોટા ?
એટલે અંબાલાલભાઈએ નગીનભાઈ સાથે વાતચીત કરીને એમના કામ માટે મનુભાઈને ગોઠવી આપ્યા અને સારો પગાર પણ ઠરાવી આપ્યો. એ રીતે મનુભાઈને સારી રીતે રાગે પાડી આપ્યા.
આ પ્રસંગમાં પણ એમની સૂઝ અને પરોપકારી સ્વભાવ દેખાઇ આવે છે.



* ઓરડા - રુમ ** પૂંજો - કચરો

અંબાલાલભાઈની એક સુંદર વિશેષતા હતી કે તેઓ બધા ધર્મોનો સ્વીકાર કરતા. તેઓ કહેતા કે **દરેક ધર્મ પોતપોતાની ડિગ્રી ઉપર છે અને તે ડિગ્રી પર તેની વાત સાચી અને સ્વીકારવા યોગ્ય હોય છે. એટલે દરેક ધર્મને જેવો છે તેવી જ રીતે સ્વીકારતા.** ધાર્મિક વાંચન અને ચિંતન દરમ્યાન અંબાલાલભાઈ પર જૈન ધર્મની ઊંડી અસર પડેલી.













* પરિષહ - ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે બાવીસ આપત્તિઓમાંની પ્રત્યેકને ખમી ખાવાની ક્રિયા.





**દરેક પ્રસંગને આવું અનોખું ચિંતન કરીને વૈજ્ઞાનિક પુરાવાઓ મેળવવા માટે ચકાસી જોનાર અંબાલાલભાઈ આવી તાર્કિક પ્રશ્નાવલીઓ ઊભી કરીને ખૂબ જ મંથન કરતા.**

* ચર્યા - આચરણ






* જૈનેત્તર - જૈન સિવાયની ઇત્તર કોમ.


મહારાજનું વ્યાખ્યાન સાંભળ્યા પછી દરવાજાની બહાર આવીને ચંપલો તરફ નજર ફેરવતા.....
અરે, મારા જોડા ક્યાં ગયા ? મેં અંદર જતાં પહેલા બરાબર આ જગ્યાએ જ ઉતારેલાને ? આટલામાં તો ક્યાંય દેખાતા નથી !
અરે કાકા, શું ખોળો છો ?
મેં મારા જોડા કાઢીને અહીં જ મૂક્યા હતા. હવે જડતા નથી.
તમારા જોડા નવા હતા કે ?
હા હા. હમણાં પંદર દિવસ પહેલા જ ખરીદેલા. તદ્દન નવા ! તમે જોયા છે કે ?
તો તો ગયા !
ગયા ? એટલે ?
હવે નહીં જડે. અહીંયા નવા જોડા તરત જ ઉપડી જાય છે અને જૂના પડી રહે છે. ખોળવાનો કોઈ અર્થ નથી.
ત્યારે તો કલ્યાણ થઈ ગયું !





અરેરે ! મને તો જોડા થોડાક જૂના થાય કે તરત કાઢી નાખવાની ટેવ ! ને આ તો ફર્સ્ટ ક્લાસ નવાનકોર જોડા ઉપડી ગયા ! હવે ઘરે કેમનો પહોંચીશ ? એક તો આજે મજાનો લાંબો કોટ પહેર્યો છે, અને પાછા ઉઘાડા પગ ! ખરી ફજેતી થશે ! અને મારી આબરૂ જતી રહેશે. પણ રોડ સુધી તો ઉઘાડા પગે ચાલવું પડશે ને !
હશે જે હશે એ ! હવે જે થઈ ગયું એ કરેક્ટ છે.
અંબાલાલભાઈને પહેલેથી જ એવી ટેવ હતી કે જે થઈ ગયું એ જ કરેક્ટ માને અને સ્વીકારી લે.
જયશ્રી કૃષ્ણ, અંબાલાલભાઈ.
જયશ્રી કૃષ્ણ
લે ! આ વેપારીને તો ખબર પડી નહીં. લોકો તો પોત પોતાની ચિંતામાં ફર્યા કરે છે. મેં શું પહેર્યું છે તે કોઈ જોવા નવરા નથી.
એ દિવસથી અંબાલાલભાઈને ખબર પડી કે જગત તો પોલંપોલ છે. કોઈ આબરૂદાર છે જ નહીં. માટે આબરૂ સાચવવાનો ભય છૂટી ગયો અને ખરા આબરૂદાર તો કોણ ? 'તીર્થંકરો'!! - જેમના શરીર પર એક પણ વસ્ત્ર નથી છતાં દેવો પૂજે છે.
તે દિવસ પછી જ્યારે પણ જોડા બહાર કાઢીને મંદિરમાં કે કોઈ પણ સ્થળે અંદર જવાનો સંજોગ ભેગો થતો ત્યારે અંબાલાલભાઈએ એક અવનવી પદ્ધતિ શોધી કાઢી. તેઓ પોતાના જોડા ઉતારીને તેની સાથે વાતચીત કરતા.
જો ભઈ, તમારાથી રહેવાય તો રહેજો અને જવું હોય તો જજો. અમે એવું નથી ઈચ્છતા કે તમે જાઓ.
અંબાલાલભાઈ કહેતા કે આ રીતે જોડા સાથે વાતચીત કરી લેવાથી આપણું મન બન્ને પ્રકારની પરિસ્થિતિમાં સામનો કરવા માટે તૈયાર થઈ જાય.એવી સમજણ અંતરમાં કરી રાખી હોય તો પછી 'જોડા કોઈ ઉઠાવી ગયું છે,' એવું જાણીને જે ધ્રાસકો પડેલો ને આઘાત લાગેલો તેવી ચંચળતા ફરી કોઈવાર અનુભવવાની ના આવે ! અને આપણું ચિત્ત આપણે જે કામ કરવા આવ્યા હતા તેમાં જ રહે.


અંબાલાલભાઈએ પોતાના ધંધા માટે તેમ જ ઘરખર્ચની વ્યવસ્થા માટે ખૂબ જ નીતિપૂર્વકનો અને પ્યોરિટીવાળો દષ્ટિકોણ અપનાવેલો.
અરે ! મુંબઈના શેઠીયાઓ તો ધંધામાં આગળ નીકળવા માટે ચાલાકીઓ વાપરે અને કાળાધોળા પણ કરે !
ના બા, એવું ખોટું કરવાનું આપણને પોષાય નહીં.
**વેપારમાં ધર્મ હોવો ઘટે પણ ધર્મમાં વેપાર હોવો ન ઘટે,** એવું હું બહુ સ્ટ્રીકલી માનું છું. લક્ષ્મી તો પૂર્વના પુણ્યને આધારે પ્રાપ્ત થાય છે. ચાલાકીથી તે કાળાધોળા કરવાથી એક પૈસો પણ વધારાનો મેળવી શકાય નહીં. ઊલટાનું એવા ખોટા કામનો ગુનો ચોંટી જાય અને પશુયોનિમાં જન્મ લેવાનો વારો આવે !
આટઆટલી ક્લેરિટી સહિત નીતિપૂર્વક ધંધો કરવાના, નિર્ણય સહિત ધંધામાં ઝંપાલાવેલું. છતાં પણ સંજોગોના દબાણને કારણે, પરિસ્થિતિના સકંજામાં આવી જઈને કેટલીક જગ્યાએ હૃદયની ભાવના વિરુદ્ધ પણ કરવું પડેલું.
તે વખતે કોન્ટ્રેક્ટના ધંધામાં બધા સિમેન્ટ અને લોખંડની ચોરી કરતા. સરકારનો કાયદો હતો કે વીસ થેલી સિમેન્ટ નાખવાની, ત્યાં તેઓ સોળ થેલી નાખે અને ચાર થેલી કાઢી લે. સિમેન્ટની એક થેલીનો ભાવ પાંચ રૂપિયા હતો. એટલે આવું કરવાથી વીસ રૂપિયા ઉપજે. કોન્ટ્રેક્ટના ધંધામાં આવું કરવું એ એટલી સહજ વાત હતી, કે જોતજોતામાં એ દૂષણ અંબાલાલભાઈના ધંધામાં પણ પેસવા માંડ્યું.




આ ખોટી રીતે લક્ષ્મી આવે, તે અંબાલાલભાઈને ગમતું જ નહોતું.
જો કાન્તિભાઈ, ધંધો કરવામાં એક સિદ્ધાંત મારે બહુ જ સાવધાનીપૂર્વક પાળવો છે. અણહક્કની લક્ષ્મી બને ત્યાં સુધી ધંધામાં પેસવા જ દેવી નથી, ને સંજોગવસાત્ પેસી જાય તો પણ ખોટી લક્ષ્મી મારા ઘરમાં તો બિલકુલ આવવા જ દેવી નથી.
અંબાલાલભાઈને સમજાઈ ગયેલું કે જો લક્ષ્મી નિર્મળ હોય ને તો બુદ્ધિ અને મન સારું રહે. એ લક્ષ્મીથી ઘરમાં ક્લેશ ના રહે.
મારા જેવો નોન મેટ્રિક સર્વિસમાં જાય તો શું મળે ?
તમારા જેવો એક્સપર્ટ હોય તો છસ્સો-સાતસો રૂપિયા મળે.
એટલે મારે ૫૦૦ રૂપિયા જ ઘરે લઈ જવાના, એથી વધારે નહીં.
બરાબર, પણ ધંધામાં નફાના પૈસા ભેગા થયા કરે, તેનું શું કરવાનું ?
તે જ્યારે ઈન્કમટેક્ષવાળો કહે કે 'દોઢ લાખ ભરી જાઓ' ત્યારે એ જમા થયેલી રકમમાંથી ભરી દેવાના. તે વખતે મને કાગળ લખીને જાણ કરવાની જરૂર પણ નથી. કોઈવાર ખોટ જાય ત્યારે પણ એ જમા રકમનો ઉપયોગ કરી લેવાનો. 'બધું દેવું ચૂકતે કરવું જ છે' એવી ચોખ્ખી દાનત હોય તો વહેલું-મોડું બધું ચૂકતે થઈ જ જાય. કોઈની લક્ષ્મી આપણી પાસે ના રહી જવી જોઈએ.


કાન્તિભાઈ પોતે સિંહ જેવા હતા. બધી જાતની હાડમારી વેઠી શકે એવા ખડતલ. બે ઈંટનું ઓશીકું બનાવીને સૂઈ જતા ! લોકો એમને જોઈને ભડકતા. એમના છોકરાઓ પણ એમનાથી ગભરાતા. એમણે પોતાના છોકરાઓ અંબાલાલભાઈને સોંપેલા.
એક દિવસ એમના ઘરે જમીને સુવાં જતાંતાં, ત્યારે એક છોકરો ભેંકડો તાણીને રડવા લાગ્યો.
બહાર આવીને અંબાલાલભાઈએ પૂછ્યું.
શું થયું આને ?
દરરોજ આ ટાઈમે વગર કારણે આ રડે છે. ખબર નથી પડતી શું કરવું?


એમ? ઓ હો..હો.. કેવું મધુર સંગીત વાગે એવું રડે છે. જાઓ આજુબાજુ વાળા બાળકોને બોલાવી લાવો, આ કેવું સરસ સંગીત સંભળાવે છે ! ચાલો, આપણે સાંભળીએ.
બાળક અવાચક* થઈને જુએ છે અને તેનું રડવાનું બંધ થઈ જાય છે
ફરી આવા એક પ્રસંગે નાનકડો બાબો રડી ઊઠયો ત્યારે.....
જો, આ કાગળ કેવો સરસ છે ? તારો હાથ ધર તો !
અંબાલાલભાઈએ કાગળના ઝીણા ઝીણા ટુકડા કરીને એ બાળકના નાનકડા હાથમાં આપ્યા.
હવે એક-એક ટુકડો મને આપ જોઈએ !
પેલો બાબો કાગળના ઝીણા ઝીણા ટુકડા વીણીને એક પછી એક અંબાલાલભાઈના હાથમાં મૂકતો ગયો. આવી પ્રવૃતિમાં ગૂંથાઈ જવાને કારણે તે આનંદમાં આવી ગયો. અને તેનું રડવાનું ભૂલાઈ ગયું.
અંબાલાલભાઈ પાસે આવી બોધકળાઓ હંમેશાં હાજર જ હોય.વ્યવહારિક સૂઝને કારણે ના ગમતી વાતને પણ ગમતી વાતમાં ફેરવી નાંખતા.




* અવાચક - સ્તબ્ધ





**માણસને પારખી જઈને કોઈની પણ વાતમાં આવી જાય એવા કાચા કાનના નહોતા.**


એમનું ફ્રેન્ડ સર્કલ બહુ મોટું હતું. એક મિત્રને ત્યાં ગયા ત્યારે..
અંબાલાલભાઈ, આજે તો જમવા જ બેસી જાઓ. આજે તો નવી જ જાતની કેરીઓ લાવ્યા છીએ.
સારું ત્યારે.
એમને ત્યાં એક પૂરી ને રસ જરા ખાઈ લે છે.
કેમ અંબાલાલભાઈ આટલુંક જ લીધું ?
મારી તબિયત જરા સારી નથી એટલે.
ખૂબ ઓછા પ્રમાણમાં ખાઈને ઊભા થઈ ગયા.
બહાર નીકળીને ઘર તરફ જતા
આજ તો તમે મારા ખરા તાલમાં આવ્યા છો.
કેમ શું થયું ?
આજે તો તમને જમાડ્યા વગર છોડીશ જ નહીં.
ખરો ફસાયો!! આ તો બધો આપણો જ ખેલ છે ને !
ચાલો ત્યારે.



મિત્ર જબરજસ્તીથી લઈ ગયો અને ત્યાં પણ ખૂબ ઓછા પ્રમાણમાં જમ્યા.
ઘર તરફ જતા
ઝવેરબા જેવા બા કોઈને ના મળે. એવા બાને તો દુઃખ શી રીતે અપાય? પાછા બા ઘરે જમવાની રાહ જોતા બેઠા હશે.
આવી ગ્યો અંબાલાલ?
હા બા.
ચાલો ત્યારે જમવા બેસીએ. તારા વગર મને જમવાનું ગમતું નથી.





આમ કહીને સમજાવી દેતા. ક્યારેક આવું બને ત્યારે, બપોરના એક વખત જમવાને બદલે ત્રણ વખત ખાતા. એક જગ્યાએ સાડા અગિયાર વાગે, બીજી જગ્યાએ બાર વાગે, અને ત્રીજી જગ્યાએ સાડા બાર વાગે. **આમ અંબાલાલભાઈ બધાના મનનું સમાધાન રહે એટલા માટે આવું કરતા.**




* પાટીયું - ઘીનો તોલીયો  ** એબનોર્મલ - સામાન્ય ન હોય તેવો  *** મેડનેસ - ગાંડપણ




* તોર માલ - સારામાં સારો માલ



એકવાર ધંધાના કામકાજ અંગે વાત કરતા અંબાલાલભાઈને કોઈ એક વ્યક્તિ સાથે અથડામણ ઊભી થઈ. તેમાં એ વ્યક્તિ જેમ તેમ બોલવા માંડી અને ક્રોધમાં ને ક્રોધમાં ના કહેવાના શબ્દો અબાંલાલભાઈને કહી નાખ્યા. અવળી વાણી અને કઠોર ભાષા સાંભળીને અંબાલાલભાઈનું મગજ ગયું. ગરમ થઈને કડક ભાષામાં એમણે એ વ્યક્તિને વઢવાનું ચાલુ કર્યું. પેલાને કંઈ અસર થાય નહીં અને અવળું બોલવાનું બંધ થાય નહીં. તે જોઈને અંબાલાલભાઈનો ઉશ્કેરાટ વધવા લાગ્યો.
એવામાં અંબાલાલભાઈના ઓળખીતા એક ભલા અને શાણા વકીલ ત્યાં રહીને પસાર થતા હતા, તેમણે આ વઢવાડ સાંભળી.
શું થયું, અંબાલાલભાઈ ?
જુઓને, આ માણસ જેમ તેમ બોલે છે, કંઈ ભાન જ નથી એને !
તે ભલા માણસ, એ માણસ તો બોલે પણ તમને કંઈ આવું શોભે ? જાજરાને લાતો માર માર કરો છો તે ?
ઓત્તારી ! શું હું જાજરાને લાતો મારું છું ? આ વળી કઈ જાતની સિમીલી* ? પણ નક્કી, આમની વાત કંઈ ઊંચી જાતની લાગે છે! સમજવા જેવી લાગે છે !

* સિમીલી - ઉપમા




***આમ તેઓ બીજાની માર્મિક વાતોને પણ સમજી લઇને અનુભવ લેતા ગયેલા.***

* જાજરૂ - સંડાસ ** ખોળ - તેલ કાઢી નાંખેલા દિવેલીયાના કૂચા




* ડફોળ - મૂર્ખ ** સિરીયસલી - ગંભીરતા પૂર્વક



*** સુપરફ્લુઅસ - ઉપર છલ્લા

અંબાલાલભાઈને સવારે ધંધે જતા પહેલા રોજ નાસ્તો કરવાની ટેવ. રોજ સવારે ચોખ્ખા ઘીની મીઠાઈ અને સેવ, આ બે વસ્તુ ખાઈને પછી જ ધંધાના કામે જતા. આ રીતે નાસ્તો કરવાની એમને ટેવ પડી ગયેલી.




પરંતુ દરેક વાતને ઊંડાણથી તપાસી જોવાની તેમની પદ્ધતિ કંઈક ન્યારી જ હતી !


**આ રીતે નાસ્તાની મોજ માણવી એ તો કુદરત પાસેથી લોન લીધા બરાબર છે જે મજા લીધી છે, તેના બદલામાં કુદરતને રિપેમેન્ટ* તો ચૂકવવું પડશે ને એક દિવસ !** આ બહારનું ખાવાથી શરીર બગડશે, કોઈને કોઈ રોગ, દુઃખાવા કે ઉપાધિ ઊભા થશે ! અને એ રીતે કુદરત રિપેમેન્ટ લીધા વિના છોડશે નહીં.




તેથી નાસ્તા કે ખાવાની ચીજોમાં મજા માણવા જેવું નથી, ચેતીને ચાલવા જેવું છે ! આ દેહ સારો હોય, બધા દાંત સલામત હોય, તો પણ મૃત્યુ આવે ત્યારે તો એને બાળી જ મૂકે છે ને ! પછી એવા દેહને પોષવામાં મજા લઈએ તેનો કોઈ અર્થ જ નથી ! જો અચાનક મૃત્યુ આવે તો અહીં જે રોગમાં મર્યો ને તે ફરીના અવતારમાં એ રોગ સાથે આવશે.



* રિપેમેન્ટ - પાછું આપવું


એકવાર અંબાલાલભાઈને કોઈ એક લગ્નમાં જવાનું હતું.તેથી પ્રસંગમાં હાજરી આપવા માટે તેઓ નવો સફેદ લાંબો કોટ, ટોપી અને બૂટ પહેરીને સજ્જ થયા. ઘરેથી નીકળીને પોળના રસ્તે ચાલીને જતા હતા, તેવામાં અચાનક પાસેના મકાનના ઉપરના માળેથી એક વ્યક્તિ રસ્તા પર પાન ખાઈને થૂંક્યો. અંબાલાલભાઈનું ત્યાંથી ચાલીને પસાર થવું અને પેલા માણસનું થૂંકવું - એવું આબાદ ટાઈમિંગ થયું કે થૂંક બરાબર અંબાલાલભાઈના સફેદ કોટ પર પડ્યું.
અંબાલાલભાઈ થંભી ગયા. ઊંચે જોયું તો કોઈ માણસને ઘરની અંદર દોડી જતા દીઠો. પછી પોતાના કોટ તરફ નજર કરી, તો સફેદ કોટ પાનના લાલ ડાઘથી ખરડાઈ ગયો હતો.
આ માણસ પણ બરાબર આજ ટાઈમે થૂંકવાનો થયો ! હં હં હં ! આ નવો નવો કોટ.. ને આખો ખરડાઈ ગયો આજે તો ! હવે તો ઘરે જઈને બધા કપડાં બદલવા પડશે !
અંબાલાલભાઈએ ઊંધા ફરીને પાછું પોતાના ઘર તરફ ચાલવા માંડ્યું. પેલા માણસને બૂમ પાડીને બોલાવવાનો કે ધમકાવવાનો તો વિચાર સરખો ના આવ્યો એમને. ચાલતા ચાલતા એમના મનમાં અનેક વિચારો પસાર થઈ ગયા.
એવું કયા આધારે બન્યું હશે કે એ માણસ થૂંક્યો તે જ વખતે બરાબર હું નીચે તે જ જગ્યાએ હોઉં ? એમાં પેલા બિચારા ઉપરથી થૂંકનારનો કંઈ વાંક કહેવાય ?


તે વખતે અંબાલાલભાઈને ઓળખતો હોય એવો કોઈ માણસ ત્યાંથી પસાર થતો હતો.
અરે અંબાલાલકાકા, આ તમારા નવા કોટની આવી હાલત ? ઊભા રહો, હું પકડું પેલાને ! કોણ હતું તમે જોયલું ?
અરે ભાઈ, જરા ધીરો પડ ! આટલો બધો ઉશ્કેરાઈ ક્યાં જાય છે ? આ કંઈ પેલા થૂંકનારનો વાંક ન્હોય !
શું કહો છો કાકા ? એની શી મજાલ કે તમારી ઉપર થૂંકે ? હમણાં પકડીને હાજર કરું છું તમારી સામે.
ના રે ના, એવી કંઈ જરૂર નથી. એ બિચારાનો ઈરાદો થોડો એવો હતો કે મારા પર થૂંકે અને મારા કપડાં બગાડે ? એ તો બિચારો આવું થયું તે જોઈને શરમાઈ ગયો અને ડરીને અંદર ઓરડામાં જતો રહ્યો.
એ તો કાકા, તમારું દરિયાવ દિલ કહેવાય કે તમે ઘાંટો ના કાઢ્યો ને ઝઘડો ના કર્યો ! બાકી કોઈ પણ વ્યક્તિ બીજાનો વાંક આ રીતે સહન ના કરી લે !
પણ આમાં સહન કરવાની કોઈ વાત જ નથી. ભાઈ, આમાં પેલાનો કોઈ વાંક ના કઢાય !


બરાબર છે કાકા, પણ આ તો આ વ્યક્તિ થૂંક્યો ને તમે જોયો, પછી એને તો કહી શકાયને ?
જો આને બદલે ઉપરથી કોઈ ઢેખાળો પડત અને મારા કપડાં ખરડાત, તો હું કોનો વાંક કાઢવા જાત અને કોને વઢવા જાત ? અને જો કબૂતરની ચરક પડવાથી કપડાં બગડત, તો ? હું થોડો કબૂતર જોડે બાઝવા જવાનો હતો ?
શું કહેવાનું એને ? જો સાંભળ, મને કહે જોઈએ. એ વ્યક્તિ જો સહેજ વહેલો અથવા સહેજ મોડો થૂંક્યો હોત, તો હું ક્યાં હોત ?
કાં તો તમે હજુએ જગ્યાએ પહોંચ્યા જ ના હોત અથવા ત્યાંથી પસાર થઈ ગયા હોત !
બરાબરને ? તો પછી એનું થૂંકવું ને બરાબર મારા કોટ પર પડવું, એ આટલું એક્ઝેક્ટ ટાઈમિંગ કેમ થયું હશે ? કંઈ કારણ તો હોવું જોઈએ ને ?




***આવી હતી અંબાલાલભાઈની દૃષ્ટિ ! એમના અંતરમાં રિવોલ્યુશન્સ ખૂબ જ ફાસ્ટ ફરતા. કોઈ પણ સંજોગ બને, તેના અનેક ફેઝિઝ* તેમને એકી સાથે દેખાતા. 'આવું કેમ બન્યું ?' 'આ સંયોગનો કરનાર કોણ ? એ પ્રશ્નો પર એમની વિચારધારા અવિરત ચાલુ રહેતી.***

* ફેઝિઝ - અવસ્થા


રોજિંદા જીવનમાં આવું તો કંઈ કેટલીય વાર બનતું. અંબાલાલભાઈ રૂમમાં બેઠા હોય, બાંકડા પર અને વિચાર આવે કે વાળ કપાવવાના થયા છે.
અંબાલાલભાઈ નક્કી કરે કે આજે વાળ કપાવવા જવું જ છે. પછી ઘરમાં કહે છે.....
'હું વાળ કપાવીને હમણાં આવ્યો. ઘરમાં કોઈ આવે તો બેસાડજો.
અને વાળ કપાવવાની દુકાને પહોચ્યા, ત્યાં લખ્યું હોય કે 'આજે મંગળવારે દુકાન બંધ છે.' પોતે ઈચ્છા કરી  છતાં એ કાર્ય થવાનો યોગ નહતો અને ચૂપચાપ ઘરે પાછા આવવું પડ્યું.

બીજે દહાડે પાછા દુકાને વાળ કપાવવા જાય. ત્યાં છોકરાએ દુકાન ખોલી હોય એટલે જઈને ખુરશીમાં બેસે.




એટલે બીજી દસ મિનિટ રાહ જોવી પડે !

દસ-પંદર મિનિટ પછી પેલો વાળ કાપનાર આવે અને કાતર લઈને ચક ચક વાળ કાપી આપે. એટલે વાળ કપાવવાનો સંયોગ આવ્યો અને પૂરો થયો.



આટલું એક કાર્ય પૂરું થવા માટે - ભાવ, ક્ષેત્ર, દ્રવ્ય અને કાળ એમ ચાર વસ્તુ ભેગી થાય ત્યારે જ કાર્ય બને.






સામાન્ય રીતે વ્યવહાર જીવનમાં આવા મૂળભૂત કારણોની (રૂટ કોઝીઝ) શોધવાની દૃષ્ટિ જ ના હોય ને ? એટલે કોઈ કાર્ય પૂરું ના થાય અથવા ઈચ્છા અનુસાર ના થાય ત્યારે બધા એકબીજા પર દોષારોપણ કરી નાખે ! અથવા જ્યારે કોઈ કાર્ય બનતું નથી, તો એવું શા કારણથી થતું હશે ? એની તપાસ કરતા અંબાલાલભાઈએ ખોળી કાઢ્યું કે એમાં કોઈ એક વ્યક્તિ જવાબદાર હોતી નથી જ્યાં સુધી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર પુરાવાઓ ભેગા ન થાય, એમાંનો એક પણ પુરાવો ખૂટતો હોય ત્યાં સુધી એ કાર્ય પૂરું થઈ શકે નહીં એવી કુદરતી રચના છે.

તો વાચક મિત્રો તેમના જીવનના હવે પછીના વર્ષોમાં પણ જુદા જુદા સંયોગોમાંથી પસાર થતી વખતે તેમના એક એકથી ચઢિયાતાં તારણોને જાણવા માટે તથા એમના અનુભવના નિચોડમાંથી ઉમદા બોધપાઠને ભાગ - ૪ માં જાણીશું..............

# બાળવિજ્ઞાનની અન્ય પ્રસ્તુતિઓ


## સ્ટોરી બુક




## મન્થલી મેગેઝીન





## V.C.D./D.V.D.






## પિક્ચર બુક



## ગેમ્સ





"શા કારણે આમ બન્યું ?" ....... "મારી સાથે જ આમ કેમ બન્યું ?" વિગેરે સૌને મૂંઝવતા પ્રશ્નોનું વ્યાવહારિક સમાધાન ગોઠવીએ, ત્યારે એકબીજા પર દોષારોપણ થઇ જાય, આક્ષેપો મુકાય, ખેંચતાણ થાય અને ગૂંચવાડા વધે !

પરંતુ એનો વૈજ્ઞાનિક ઢબે ઉકેલ શોધીએ તો ?

આખું જગત નિર્દોષ દેખાય, મનમાં કોઇ આંટી રહે નહી. આ અલૌકિક અને અસામાન્ય અભિગમ આપણને જીવન જીવવાની કળા શીખવામાં ખૂબ જ પ્રેરણાદાયી થઇ પડશે.

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

ISBN 978-81-89933-43-2
9 788189 933432
₹40 Printed in India